અનુસુંચિત જાતિના વિધાર્થીઓને
પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રી શીપ
કાર્ડ આપવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસસક/૧૦૧૩/૫૪૯/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧-૦૮-૨૦૧૩.

**વંચાણે લીધોઃ-**

૧) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧-૧૨-૨૦૧૦નો પત્ર ક્રમાંકઃ૧૧૦૧૭/૦૧/૨૦૦૮/એસસીડી/૫

૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૮-૨-૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ.૧/૧/૨૦૧૨-૧૩/૪૨૨

૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ ક્રમાંકઃઅજાક/૨૦૧૩/ ૩૭૯૯૧૯/ગ.

**આમુખઃ-**

ભારત સરકાર ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના પત્રથી અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાની અમલવારી અર્થે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિના પત્ર અન્વયે શિક્ષણ વિભાગ હસ્તકની સ્વનિર્ભર સંસ્થાઓને સુચનાઓ આપવા બાબતે ઉકત કચેરીએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને દરખાસ્ત રજુ કરેલ છે. અનુસુચિત જાતિના વિધાર્થીઓ કે જેઓએ સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ હોય તેઓ ધ્વારા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી પત્રકને આધારે સંસ્થામાં વિધાર્થીએ ભરવાપાત્ર થતી ફ્રી વિધાર્થીઓ પાસેથી મેળવ્યા સિવાય પ્રવેશ આપવા સુચનાઓ આપવાની બાબતે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૩) ઉપરની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ

પરની દરખાસ્ત જોતાં શિક્ષણ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓને સુચનાઓ આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

ઉપર આમુખમાં જણાવેલ સંજોગો તથા ભારત સરકાર તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની દરખાસ્તને ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં રાજયના અનુસુચિત જાતિના વિધાર્થીઓ કે જેઓ ભારત સરકારની ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવનાર ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી આવા વિધાર્થીઓને શિક્ષણ વિભાગ હેઠળની સ્વનિર્ભર સંસ્થાઓમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી / ફ્રી શીપ કાર્ડ અન્વયે પ્રવેશ આપવા નીચેની શરતોએ આથી શિક્ષણ વિભાગ હેઠળની તમામ સ્વનિર્ભર સંસ્થાઓને જણાવવામાં આવે છે.

શરતોઃ—

૧. અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડની પાત્રતા ધરાવતા વિધાર્થીઓ બાબતે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ધ્વારા પુરતી કાળજી રાખી ભારત સરકારની યોજના મુજબના તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા વિધાર્થીઓની ખાત્રી કરી ફ્રી શીપ કાર્ડ આપવાના રહેશે.

૨. ભારત સરકારની આ યોજના જે સમયાવધી સુધી અમલમાં રહેશે ત્યાં સુધી જ શિક્ષણ વિભાગની આ સુચનાઓ અમલમાં રહેશે. ત્યારબાદ તેને આપોઆપ રદ ગણવાની રહેશે.

3. શિક્ષણ વિભાગ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં શૈક્ષણિક સત્ર શરુ થઇ ગયા બાદ અનુસુચિત જાતિના જે વિધાર્થીઓ ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડની પાત્રતા મેળવશે તેઓના ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી સ્વનિર્ભર સંસ્થાઓએ આવા

લાભાર્થી વિદ્યાર્થીઓ પાસેથી ફી ની વસુલાત કરેલ હોય તો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની બાંહેધરીને ધ્યાને લઇ તેટલી રકમ વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એન.ડી.હળપતિ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, સર્વે યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય (કમિશ્નર, ઉ.શિ. મારફત)
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
સિલેક્ટ ફાઇલ.